ક્રમાંક : ગુજકા/વેટ/૮૬/૨૦૦૮-૦૯/જા.૭૦/૬૩

વાણિજ્યિક વેરા કમિશનરની કચેરી
ગુજરાત રાજય,
સી/૨, વાણિજ્યિક વેરા ભવન,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૯ /03/૨૦૦૯

# જાહેર પરિપત્ર

**વિષય: ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા અંગે.**

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો,૨૦૦૬ ના નિયમ-૨૬ ના પેટાનિયમ-(૧)ના કલોઝ (સી) માં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વાણિજ્યિક વેરા કમિશનર ગુજરાત રાજય વેરો ભરવા અંગેની ઇલેકટ્રોનીક પદ્ધતિ અમલમાં મૂકે છે. આ પદ્ધતિ નીચે મુજબની જોગવાઇઓને આધિન રહેશે.

૧. વર્ષ ૨૦૦૭-૦૮ અથવા તે પછીના કોઇપણ નાણાંકીય વર્ષમાં સ્થાનિક કાયદા હેઠળ રૂ.૧૦ લાખથી વધુ વેરો ભરેલ હોય અથવા ભરવાપાત્ર થયેલ હોય તેવા વેપારીઓએ તેમના એપ્રિલ-૨૦૦૯ ના માસિક પત્રક અથવા એપ્રિલથી જુન-૨૦૦૯ ના ત્રિમાસિક પત્રક મુજબ ભરવાપાત્ર થતાં વેરાની રકમ તેમજ ત્યારપછીના તમામ માસિક / ત્રિમાસિક પત્રક મુજબ ભરવાપાત્ર થતાં વેરાની રકમ ઇલેકટ્રોનીક પદ્ધતિથી ફરજીયાત ભરવાની રહેશે.

ઉપર જણાવ્યા સિવાયના વેપારીઓ પણ સ્વૈચ્છિક રીતે ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરી શકશે.

૨. **પદ્ધતિ :**

ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા માટે વેપારીએ ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in ખોલીને Home page ઉપર "online payment" પર કલીક કરવાનું રહેશે. વિન્ડો ઓપન થયા બાદ તેમાં user ID તરીકે ટીન નંબર તેમજ પાસવર્ડ દાખલ કરવાનાં છે. ખાતાની વેબસાઇટ ઉપર બીજા હેતુઓ માટે વેપારીએ રજીસ્ટર કરાવ્યા માટેનો પાસવર્ડ

જ આ હેતુ માટે પણ વાપરવાનો થાય છે. આમ કર્યેથી નવું ફોર્મ ખુલશે જેમાં જરૂરી માહિતી પૂરી પાડયા બાદ આ ફોર્મ submit કરવાનું છે.

ત્યારબાદ વેપારી તેનું એકાઉન્ટ સીલેકટ કરી તેના એકાઉન્ટમાંથી પેમેન્ટ કરી શકશે. સદર રકમ વેપારીના એકાઉન્ટમાંથી ડીપાર્ટમેન્ટના એકાઉન્ટમાં ટ્રાન્સફર થશે. વેપારી Challan Identification Number (CIN) સાથે પેમેન્ટની રીસીપ્ટ (Challan) મેળવી શકશે. આ ચલનની નકલ હાલની પદ્ધતિ મુજબ પત્રક સાથે ઘટકમાં રજુ કરવાની રહેશે.

વેપારીશ્રીના માર્ગદર્શન અને સરળતા માટે ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા અંગેની કોમ્પ્યુટરાઇઝડ સીસ્ટમ (પ્રણાલી) આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

3. મુદ્દતઃ

ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરાનું પેમેન્ટ કરવાની મુદ્દત માટે નિયમ-૨૬ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓને અનુસરવાનું રહેશે.

**૪. વેરો ભરવામાં કસૂર :**

ઉપર્યુકત વેરો ભરવાની પદ્ધતિ નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) ના કલોઝ-(સી) ની જોગવાઇ મુજબ નિયત થયેલ છે. જેથી પેરા-૧ માં જણાવેલ વેપારીઓ આ પદ્ધતિ મુજબ વેરો ભરવામાં કસુર કરે તો આવા વેપારી સામે કાયદા અને નિયમોના ભંગ બદલ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-

( પી.કે.પૂજારી )

વાણિજ્યિક વેરા કમિશનર

ગુજરાત રાજય, અમદાવાદ

બિડાણ : ઇલેકટ્રોનીક પદ્ધતિથી વેરો ભરવા અંગેની પ્રણાલી દર્શાવતું પરિશિષ્ટ

(પાછળ જુઓ)

નકલ સવિનય રવાના : (માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી સારૂ)

૧. અધિક સચિવશ્રી (કર),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને બે નકલમાં
૨. વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.,અમદાવાદ
૩. ખાસ વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી ગુ.રા.,અમદાવાદ
૪. અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી,ગુ.રા.,અમદાવાદ
૫. સઘળા અધિક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી,ગુ.રા., અમદાવાદ
૬. સઘળા સંયુકત વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા.,અમદાવાદ
૭. સઘળા નાયબ વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૮. સઘળા સહાયક વાણિજ્યિક વેરા કમિશનરશ્રી, ગુ.રા., અમદાવાદ
૯. સઘળા વાણિજ્યિક વેરા અધિકારીશ્રી, ગુ..રા.,અમદાવાદ
૧૦. આ કચેરીની સઘળી શાખાઓ તરફ
૧૧. ૧૦ નકલ મહાપાત્ર તાલીમ શાખાને
૧૨. ૧૦ નકલ દફતર શાખાને
૧૩. ૧૦ નકલ જનસંપર્ક શાખાને
૧૪. એકાઉન્ટ જનરલ અમદાવાદ તરફ
૧૫. ઇ-ગવર્નન્સ સેલને વેબસાઇટ પર મૂકવા અર્થે
૧૬. સઘળા નોંધાયેલ એસોસીએશન તરફ
(ઉપરોકત બાબત આપના મંડળના સભાસદોના ધ્યાન પર લાવી આભારી કરશોજી)

( એન.એ.આચાર્ય )
સંયુકત વાણિજ્યિક વેરા કમિશનર (કાયદા)
ગુજરાત રાજય, અમદાવાદ

**E PAYMENT કરવા અંગેની માર્ગદર્શિકા**

જે વેપારી ખાતાની વેબસાઇટ ઉપરથી પોતાના ટેક્ષનું પેમેંટ કરવા માંગતા હોય તેણે નીચે મુજબની પધ્ધતિ અનુસરી ONLINE PAYMENT કરવાનું રહેશે.

(૧) ડીલરે ખાતાની વેબસાઇટ '<u>www.commercialtax.gujarat.gov.in</u>' ખોલવાની રહેશે.

(૨) વેપારીએ <u>Homepage</u> પરથી '<u>online payment</u>' <u>select</u> કરવાનું રહેશે.

(૩) આમ કરતા <u>next screen</u> માં તેણે તેના <u>User ID</u> અને <u>password</u> નાંખવાના રહેશે.

(૪) આમ કરતા ટ્રેઝરીની <u>website</u> ખુલ્લી થશે. ટ્રેઝરીની સાઇટ પર <u>e-challan</u> નું <u>Link Select</u> કરવાનું રહેશે

(૫) <u>Link</u> Select કરતા નવા <u>page</u> પર ભરવાપાત્ર વેરા અંગેની વિગતો દર્શાવતું ફોર્મ ખુલશે. આ ફોર્મ માં તેમણે ભરવાના થતા <u>PAYMENT</u> ( વેરો/વ્યાજ/દંડ) ની ( ચલણ ના નમુના મુજબ) વિગતો ભરવાની રહેશે.

(૬) આ બાદ તેમણે બેંક સીલેક્ટ કરવાની રહેશે. આ બેંક , <u>e-Payment</u> માટે અનેબલ કરેલ બેંકો પૈકીની જ બેંકોમાંની હોવી જોઇશે .

(૭) બેંક સીલેક્ટ કર્યેથી બેંક કે જે <u>e-Payment</u> માટે અનેબલ કરેલ હશે તે , પોતાની વેબસાઇટ પર ડીલરને લઇ જશે.

(૮) ડીલર બેંકની સાઇટ ઉપર પોતાના '<u>Internet Banking Account</u>' ના '<u>User ID</u>' અને '<u>password</u>' થી '<u>Login</u>' કરશે.

(૯) બેંક દ્વારા ડીલરને authenticate કર્યેથી, તેણે કરવાના થતા <u>e-Payment</u> (કે જે તેણે અગાઉના ચલણના નમુનામાં વિગતો ભરેલ છે તે, ) ની વિગતો display કરવામાં આવશે.

(૧૦) તે બાદ ડીલર , તેનું '<u>Internet Banking Account</u>' નંબર સીલેક્ટ કરશે.

(૧૧) આ રીતે ડીલરના <u>Internet Banking</u> ના debit ACCOUNT માંથી , online payment ની રકમ બેંક મારફત સરકારશ્રી ના ખાતામાં તબદિલ થશે.

(૧૨) '<u>Online Payment</u>' નું '<u>transaction</u>' '<u>successfully</u>' પૂર્ણ થયેથી , વેપારીને તેની પહોંચ Unique Challan Identification number (C.I.N.) સાથે generate કરી શકશે. આ પહોંચ ઇલેક્ટ્રોનીક ચલણ તરીકે ઓળખાશે.

(૧૩) વેપારી , તેણે કરેલ આવા <u>Online Payment</u> ની વિગતો નું <u>status</u> – વિભાગની વેબસાઇટ પર , તેના પોતાના LOGIN માંથી જોઇ શકશે

(૧૪) <u>Online Payment</u> કરતા વેપારીએ તેના <u>online</u> કરેલા <u>payment</u> ની '<u>acknowledgement</u>' ( ઇલેક્ટ્રોનીક ચલણ ) ની નકલ, સંબંધિત ઘટક કચેરીમાં પત્રક સાથે અગાઉ ની પદ્ધતિ મુજબ જ રજૂ કરવાનું રહેશે.